
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૯૮ ● જૂન, ૨૦૧૫

## પારસીપની અમેરિકા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



















૧. જરવલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. જરવલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યજ્ઞ વિધિ કરતા પ.પૂ.મહારાજશ્રી તથા સભામાં હરિભક્તો. ૩. પેથાપુર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા તથા સભામાં આશીર્વચન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી ૪. વિહોકન-અમેરિકાં મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાં શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા અન્ય સંતો. ૫. નારણઘાટ મંદિરમાં ચાલતું નિર્માણ કાર્ય.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૯૮

જૂન-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | કુલદેવ કષ્ટભંજન | ૦૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૦૯ |
| ૦૫. | સ્વામી ! મારું કલ્યાણ થાય તે બતાવો | ૧૧ |
| ૦૬. | પાપનિવર્તક પ્રાયશ્ચિત અને પશ્ચાતાપ | ૧૪ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૫ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો ! આપણે સૌ ગરમીનો પ્રકોપ સહન કરી રહ્યાં છીએ. આપણા ગુજરાતમાં ૪૫ ડીગ્રી પારો પહોંચ્યો છે. તો રાજસ્થાન, પંજાબમાં ૪૭ ડીગ્રીએ પારો સૌને દઝાડી રહ્યો છે. ઘણા લોકો 'લૂ' લાગવાથી મૃત્યુ પામ્યા છે. હવે તો લગભગ દરેક ઘર, ઓફિસમાં એ.સી. લાગેલા હોય છે.

પણ ગરીબ માણસ સતત ગરમી-તડકામાં મજુરી કરતો દેખાય છે. સુખ અને દુઃખની પારાશીશી દરેકે ભોગવવી પડે છે. ગમે તેવા સુખ દુઃખમાં ભગવાન ન ભૂલાવા જોઈએ. ભગવાન આપણને પ્રારબ્ધનુંસાર સુખ દુઃખ આપે છે. ઘણા ને સાચા સુખની વ્યાખ્યા ખબર જ નથી. આપણે સૌ એ શ્રીહરિને પ્રાર્થના કરવી કે સમયસર વરસાદ આવે. ભૌતિક સુખ એ ક્ષણિક અને ક્ષણ ભંગુર છે. આપણે તો સાચું સુખ મેળવવું છે.

હવે અધિક પુરુષોત્તમ માસ અને ચાતુર્માસ ચાલું થશે. સતત ચાર માસ સુધી આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે તે મુજબ આઠ નિયમમાંથી કોઈ એક નિયમ લેવો. ભગવાન ભજવામાં માયા અંતરાય કરે છે. આપણે પરમ કૃપાળુ પરમાત્માનું સતત ને સતત અખંડ સ્મરણ - ચિંતવન કરતા રહેવું. હાલતાં ચાલતાં ઉઠતાં બેસતા 'સ્વામિનારાયણ' ભગવાનનું નામ સ્મરણ કરતા રહેવું. આપણું પ્રારબ્ધ તો ભગવાને બદલી નાખ્યું છે. જો આપણે શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તીશું તો આપણા તમામ આ લોકના વ્યવહાર પણ મહારાજ પુરા કરશે. છેલ્લે તો આપણે આપણું કલ્યાણ અને મોક્ષ સાધી લેવાનો છે. આવો અવસર ફરી નથી મળવાનો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૫)



| | |
|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘાણીનગર રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૩ | ચાંદીસણા ગામે પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૪ થી ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કુંદનપુર (કચ્છ) પધરામણી. |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા પાટોત્સવ પ્રસંગે અને સાંજે ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે આયોજીત કથા પ્રસંગે પધરામણી. |
| ૮ થી ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર મંદિર ભુજ (પ્રસાદી મંદિર) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર આદરજ કથા પ્રસંગે અને સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની કથા પ્રસંગે પધરામણી. |
| ૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગોળજ (કપડવંજ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર કથા પ્રસંગે પધરામણી. |
| ૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (હાલાર મૂળી દેશ) કથા પ્રસંગે પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા અને રાણીપ કથા પ્રસંગે પધરામણી. |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર જરવલા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (ખાખરિયા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૮-૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર માનકુવા (કચ્છ) પધરામણી. |
| ૨૦ થી ૨૭ | અમેરિકા આઈ.એસ.એસ.ઓ. તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપેની ન્યુજર્સી મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૮ થી ૨૯ | સર્વોપરી છપૈયાધામ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |

# કુલદેવ કષ્ટભંજન



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ત્રેતાયુગનો સુવર્ણ યુગ ચાલી રહ્યો છે. સુમેરુ પર્વતની પાવન ભૂમિમાં વાનરોના રાજા કેશરી નામે પત્ની અંજનાની સાથે રહેતા હતા. બન્નેનું જીવન અતિ પવિત્ર સદાચાર અહિંસક વૃતિવાળું હતું. એ સમયમાં માણસ અને વાનર એક જ જાતિના સમાન આચાર વિચાર વાળા હતા. દેવ સમાન દંપત્તિએ સંતાનની પ્રાપ્તિ માટે ભગવાન શિવની કઠીન તપશ્ચર્યા કરતા વર્ષો વિતી ગયા છે. બરાબર એજ સમયમાં અયોધ્યા નરેશ મહારાજા દશરથજીએ મનોરમા નદીના કિનારે (છપિયાથી નજીક) વેદોક્ત રીતે પુત્રષ્ટ કામના નામે મહાયજ્ઞ કર્યો. તેમાં ભગવાન યજ્ઞનારાયણે મનોકામના પૂર્ણ કરવા પ્રગટ થઈને એક ફળ રાજાને અર્પણ કર્યું. તે ફળનો દશરથજીએ પોતાની ત્રણેય રાણીને પ્રસાદ આપ્યો. તે ફળના નાનકડા ટુકડાને દેવદૂત પરબ્રહ્મની ઈચ્છાથી સમળીનુ રૂપ ધારણ કરી પ્રસાદના અંશને સુમેરુ પર્વત પર તપશ્ચર્યા કરતા કેશરી-અંજનાના ફેલાયેલા હાથમાં પવન દેવની મદદથી અથવા પવનદેવ સમળી બનીને પ્રસાદ આપ્યો તે પ્રાપ્તિને શિવકૃપા પ્રસન્નતા માનીને અંજના દેવી પ્રસાદ આરોગ્યા. યજ્ઞના પ્રસાદના ફળ સ્વરૂપે પરબ્રહ્મ પરમાત્મા કૌશલ્યા થકી રામરૂપે પ્રગટ થયા તથા ભરત લક્ષ્મણ-શત્રુઘ્ન અંશાવતાર સ્વરૂપે તથા અંજની દેવના ઉદર થકી સ્વયં રુદ્રાવતાર પ્રગટ થયા. આપણે વાત કષ્ટભંજન હનુમાનજીના પ્રાગટયની કરવી છે તો ત્રેતાયુગમાં આસો વદી ચતુર્દશીની તિથિ સ્વાતિ નક્ષત્ર મેષ લગ્ન મંગળવારના શુભ મંગળ અભિજીત સમયમાં હનુમાનજી મહારાજ અંજના દેવીના પુત્ર રત્ન તરીકે પ્રગટ થયા. પિતા કેશરીના પુત્ર હોવાથી કેશરીનંદન કહેવાયા. તથા વાયુદેવે અવધપુરીથી યજ્ઞની પ્રસાદી પહોંચાડી તો મારુતિ મરુતિસુત કહેવાયા. મારુતિનંદન હોવાથી જન્મથી આકાશમાં ગમન કરવાની શક્તિ સ્વયંભૂ હતી.

એકવાર કેશરીનંદન સૂર્યગ્રહણના સમયે સૂર્યને પકડવાની બાળલીલા કરી ત્યારે રાહુથી સૂર્ય ગ્રસિત હોવાથી રાહુને ધરતી પર મૂષ્ટિનો પ્રહાર કરી જમીન પર ફેંકી દીધા. સૂર્યગ્રહણ પ્રાકૃતિક ઘટના હોવાથી સૂર્ય માર્ગને રોકનાર બાળક પર સ્વર્ગના રાજા ઈન્દ્રએ વ્રજનો પ્રહાર કર્યો. તેથી બાળકના ડાબા હડપચી પર (જડબા) વાગતાં મારુતિ પૃથ્વી પર પડ્યા. તે સમયે વાયુદેવે પોતાના પુત્રની વેદના જોઈને ત્રિલોકીમાં પોતાની શક્તિ સંકેલવા લાગ્યા એટલે કે પ્રાણવાયુ વિના ત્રિલોકીના જીવો મૃત્યુ પામવા લાગતાં તત્કાળ બ્રહ્મા વિષ્ણુ શિવ સહિત તમામ ૩૩ પ્રકારના દેવો વાયુદેવને પ્રાર્થના કરવા લાગ્યા. વાયુદેવે પુત્ર પર આવેલી આપત્તિથી બચવા બધા પાસેથી વચન માગ્યું ત્યારે ત્રિદેવો ત્રિદેવી અને ૩૩ પ્રકારના દેવોએ

હનુમાનજીની રક્ષાનુ વરદાન અને વચન આપ્યું. ભગવાન વિષ્ણુએ અમરત્વ ચિરંજીવી પદ અને ભક્તિનુ દાન આપ્યું. બ્રહ્માએ બ્રહ્માસ્ત્ર અર્પણ કર્યું. શિવજીએ શિવાસ્ત્રનું દાન કર્યું. ઈન્દ્રએ વ્રજનું દાન સૂર્ય એ તેજ અને જ્ઞાન, યમરાજાએ દીર્ઘાયુષ્ય, વરુણે વરુણાસ્ત્ર, કુબેરજીએ ગદા, વિશ્વકર્માએ ત્રિલોકીના પદારથ થકી રક્ષા. આવા ૩૩ પ્રકારના દેવોએ અનંત વરદાનોનો વરસાદ કર્યો. મારુતિ હવે ત્રિલોકીની શક્તિ સદાચાર સહિત ભક્તિથી પરિપૂર્ણ બન્યા.

ઈન્દ્રના વજના શરીરના ડાબા ભાગે ઘા વાગ્યો હોવાથી અંજની માતા કાયમ પુત્રને તેલ માલીશ કરતા તેથી પુત્રને વેદનામાં રાહત થતી તે સમયથી અદ્યાપી પર્યન્ત હનુમાનજીના ડાબા ચરણે તેલ ચડાવવાથી પ્રસન્ન થાય છે.

ક્રિષ્કિંન્ધા પર્વત વનવાસની લીલામાં સીતાજીની શોધમાં વિચરણ કરતા રામ લક્ષ્મણના સર્વ પ્રથમવાર દર્શન કર્યા. ભગવાન રામે મદદ માગી ત્યાં તો માતા પિતા ઘરનો ત્યાગ કરી રામની સેવામાં જોડાઈ ગયા. સ્કંદપુરાણ પંચમખંડ અવન્તી પર્વમાં વેદવ્યાસે હનુમાનજીનો ખૂબજ મહિમા સદ્‌ગુણો વર્ણન કરતાં કહે છે કે, અંજના પુત્રમાં રહેલા સદ્‌ગુણો તો શેષ શારદા કહેવા સમર્થ નથી. જેઓ આયુર્વેદના જ્ઞાતા, મહાયોગી, અષ્ટસિધ્ધિ નવનિધિના દાતા, પરાક્રમી, ઉત્તમસેવક, રામભક્ત, જ્યોતિયજ્ઞ, કુશળમંત્રી, વિશ્વાસુ, બ્રહ્મચારી, રાજનીતિજ્ઞ, સંકટમોચન, જ્ઞાનગુનસાગર, મહાવીર વિદ્યાવાન, સાધુ સંતના રખવાળા, જેવા કોટી કોટી ગુણોના સાગર છે.

એકવાર સંતકવિ તુલસીદાસના શરીરે અતિશય કષ્ટ થતુ હતું. અનેક ઔષધીઓના ઉપાયો કરતા છતાં પીડા શાંત ન થઈ ત્યારે ભગવાન રામે દર્શન આપ્યાં તો સ્તુતિ પ્રાર્થના કરી પણ દેહની પીડા મટાડવા માગ્યુ નહિ ત્યારે શિષ્યોએ કહ્યું કે ગુરુદેવ ભગવાનને કહો કે દેહનુ કષ્ટ દૂર કરે. તુલસીજી કહે હું માગુ નહિ. ત્યારે ભગવાન બોલ્યા કે હનુમાનજીને પ્રાર્થના કરજો. ત્યારે તુલસીદાસજીએ હનુમાનજીના ૧૦૮ નામાવલીની ૪૦ ચોપાઈમાં રચના કરી. (જેને આજે હનુમાન ચાલીસા કહેવાય છે) ત્યારે હનુમાનજી પ્રગટ થયા અને તુલસીદાસજીની પીડા શાન્ત થઈ ત્યારે તુલસીદાસજીએ હનુમાનજી પાસે વરદાન માગ્યું કે જે કોઈ આ ૧૦૮ નામાવલી ચાલીસાનો પાઠ કરે તેના મારા જેમ કષ્ટો દૂર કર્યા એમ તે ભક્તના સંકટોને દૂર કરજો. ત્યારે મારૂતિએ વચન આપ્યું કે તમારી કરેલી રચનાનો જે કોઈ પાઠ કરશે તેના વિના વિલંબે પાત્ર કુપાત્ર જોયા વિના સંકટોને દૂર કરીશ. ત્યારથી હનુમાન ચાલીસા વિશેષ ગવાય છે.

ભારતમાં વધુમાં વધુ મંદિરોની સંખ્યા હનુમાનજીના મંદિરોની છે. સીતામાતાને સિંદૂર લેપન કરતા જોઈને પોતે કાયમ આખા શરીરે સિંદૂર લેપન કરતા તેથી જે ભક્ત સિંદૂર ચડાવે તેના પર પ્રસન્ન થાય છે. હનુમાનજી પૂર્વ જન્મમાં સીતાજીની અષ્ટ સખીઓ પૈકી ‘‘ચારુશિલા’’ નામે સખી હતા એવું ‘‘અવધ વિલાશ’’માં કહ્યું છે. તેથી રામે દૂત તરીકે સ્થાન આપ્યું. વેદોપનિષદમાં કપિને અગીયારમાં રુદ્ર કહ્યા છે. રામ રહસ્યોપનિષદમાં કહ્યું કે, લૌકિક કામનાઓ માટે મારા પ્રભુ રામને વિક્ષેપ ના કરશો પરંતુ હું સદા સર્વદા ભક્તના કામ કરવા તૈયાર છું. હનુમાનજીને નવધા ભક્તિમાં દાસ્યભક્તિના શિરોમણી ભાગવતમાં કહ્યાં છે. કાર્ય અને યાત્રાના આરંભમાં મરૂતસૂતને અવશ્ય યાદ કરવા. પંચમુખી મૂર્તિ વિશેષ અનુગ્રહ કર્તા છે. રામકથામાં અવશ્ય અખંડ શ્રવણ કરવા બિરાજે છે. શિક્ષાપત્રી શ્લોક ૧૨૭ માં આસો વદિ ચૌદશના દિવસે હનુમાનજીનું પૂજન કરવાની શ્રીહરિએ આજ્ઞા કરી છે. તથા જ્યારે દેવ સંબંધી શરીરસંબંધી આપદામાં હનુમાન મંત્રનો જપ કરવાનુ કહ્યું છે. કેશરીનંદનને તેલનો દીવો ઉભી દિવેટનો કરવો. તેમાં ચાર દિવટોનો ઉત્તમ  છે. કાળા તલ ગમે, આંકડાનો હાર ગમે. કેમ કે સર્વ ઔષધીઓનો રાજા અને અર્ક આંકડો છે. સિંદૂર બહુજ ગમે, હનુમાન અગ્નિ સ્વરૂપ હોવાથી તેજને શાન્ત કરવા સામે ગણપતિજી બેસાડવા. મંગળવાર જન્મ દિવસ છે. શનિદેવ હનુમાનજીની પૂજાથી વિશેષ પ્રસન્ન થાય છે. એટલે શનિવારે વિશેષપણે લોકો પૂજન અર્ચન કરતા હોય છે. હનુમાનજી ભગવાનના મંદિરની ધજામાં બિરાજે છે. જ્યાં સુંદર કાંડનો પાઠ થાય ત્યાં રામ સીતાલક્ષ્મણ સહિત હનુમાનજી પ્રગટ થાય છે. હનુમાનજી મંદિર પર લાલ રંગની ધજા અગ્નિતત્વનુ પ્રતિક છે. અંજના સૂતની પાસે દીવો કરવામાં ના આવે તો મૂર્તિ યોગ નિદ્રામાં પ્રવેશ કરી જાય છે. વાનરને અતિ પ્રિય

પૂંછ છે. લંકાદહન સમયે સ્વયં સીતાજીએ પૂંછમાં રહીને હનુમાનજીની રક્ષા કરી હતી. હાથમાં ગદા ઊંચી રાખી હોય ત્યારે ભીમ સ્વરૂપે જાણવા. ગદા નીચે હોય ત્યારે દાસ સ્વરૂપ જાણવા. હનુમાનજીના નૈવેદ્યમાં પ્રાતઃકાળમાં ગોળ, શ્રીફળ, લાડુ પ્રિય છે. બપોરે ગોળ સુખડી, ચુરમું રાત્રીમાં ફળ કેરી, જામફળ કેળા વિશેષ પ્રિય છે. મંગળવારે ચુરમું ધરાવવું. વાયુપુત્ર હોવાથી નૈઋત્ય એ વાયુની દિશા હોઈ સદાય નૈઋત્વ તરફ મુખ રાખવામાં આવે છે. આવી મૂર્તિ વાયુથી થતા દોષ રોગના નિવારક છે. નારદભક્તિસૂત્રમાં ભક્તિમાર્ગના આચાર્ય કહ્યાં છે. હનુમાન મંદિરની ચાર પરિક્રમા કરવી. રાત્રે નિદ્રા ન આવતી હોય તો સૂતી વખતે હનુમાન ચાલીસાનો પાઠ કરવો. ધર્મકુળના કુળદેવ હનુમાનજી એટલે સત્સંગી માત્રના કુળદેવ જાણવા. છ દિવસના બાળ ઘનશ્યામની કોટરા થકી કુળદેવે રક્ષા કરવાની સેવા કરી. તથા વનવિચરણમાં ફળ લાવીને આપી જતા. ભગવાનના બધા જ મંદિરોમાં રક્ષક તરીકે હનુમાનજીને પધરાવવામાં આવે છે. જેથી અનિષ્ટ તત્વો મંદિરોમાં પ્રવેશી શકતા નથી. સંપ્રદાયના ઈતિહાસમાં સંવત ૧૯૦૫ માં આસો વદી-૫ ના દિવસે ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં કષ્ટભંજનદેવ પધરાવ્યા છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ અમદાવાદ શહેરની ચારે દિશાઓમાં કુળદેવની સ્થાપના કરી છે. જેતલપુરમાં મહોલની અંદર બોલતા હનુમાનજી પધરાવ્યા છે. નંદ સંતોએ ગામો ગામ પ્રગટ કષ્ટ ભંજનદેવને અગણીત સંખ્યામાં પધરાવ્યા છે. આચાર્યશ્રી અને નંદસંતોના વચનથી આજે પણ દેવ અનેક ભક્તોના કષ્ટને દૂર કરે છે.

અમદાવાદ અને વડતાલ પ્રદેશમાં પ્રસાદીના મંદિરો અને તીર્થભૂમિની રક્ષા માટે નંદ સંતોએ હનુમાનજીની સ્થાપના કરવાની વિશેષ પ્રથા શરૂ કરી હતી. નંદ પંક્તિના સંતો બાદ મારવાડના (વાલી) ભક્તિનંદન સ્વામીએ અનેક સ્વરૂપોની સ્થાપના કરી. અમદાવાદ શહેરમાં સર્વ પ્રથમ કાંકરિયામાં બાળ સ્વરૂપ કષ્ટભંજન દેવની આદિ આચાર્ય મહારાજશ્રીએ પ્રતિષ્ઠા કરી છે. હનુમાનજીના ચરણમાં શનિદેવની પનોતીને દબાવેલી જોવા મળે છે. સત્સંગીએ શનિવાર અથવા મંગળવારે કુળદેવના અવશ્ય દર્શન કરવાથી તેને કોઈ પણ પ્રકારની આપત્તિ આવતી નથી. ઈષ્ટદેવની સેવાના પદાર્થો સેવક તરીકે કુળદેવ અંગીકાર કરતા નથી. માત્ર સંકટના સમયે યાદ કરવા તેના કરતાં પ્રત્યેક શનિવારે યાદ કરવા જોઈએ.



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**હર્ષદ કોલોની મંદિરના ચતુર્થ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૧૭-૫-૧૪ :** ધર્મશાસ્ત્ર સત્સંગિજીવન આદિક સત્‌શાસ્ત્રોની રચના શ્રીજી મહારાજે નંદ સંતો પાસે કરાવી છે. જેની કથાનું શ્રવણ કરવું એ મોટા ભાગ્યની વાત છે. તેમાં પણ ભગવાનને વરેલા આવા વિદ્વાન સંતોના મુખેથી કથા શ્રવણ કરીએ એટલે એ કથાના શબ્દો જીવમાં ઉતરી જઈને સાંભળનારના જીવનમાં પરિવર્તન લાવી દેતા હોય છે. શિક્ષાપત્રીની રચના તો સ્વયં શ્રીજી મહારાજે કરી છે. શિક્ષાપત્રીમાં આપેલ આજ્ઞાઓનું પાલન કરવાથી માણસ મોટા સુખને પામે છે. નવ મહામંદિરોનું નિર્માણ કરાવી તેમાં મહારાજે પોતાના જ સ્વરૂપો પધરાવ્યા છે. શ્રી નરનારાયણદેવ અને અમારામાં રજ માત્રનો ફેર નથી એ મહારાજના જ શબ્દો છે.

જગતમાં ઘણા સુપ્રસિધ્ધ મોટા મંદિરો કે સંસ્થાઓ છે. ભીડ પણ ઘણી થતી હોય છે. સભા-કાર્યક્રમો પણ થાય છે. કોઈ જગ્યાએ ખાવાનું અતિરેકપણું, માન કે વખાણનું અતિરેકપણું, કોઈ જગ્યાએ ભૂખ્યા રહેવાનો મહિમા, ક્યાંક માત્ર ધર્મ કે માત્ર ભક્તિ તો કોઈ જગ્યાએ ત્યાગ-વૈરાગ્ય તથા જ્ઞાનની મોટી મોટી વાતો, તો કોઈ જગ્યાએ માત્ર માનવ સેવાના ગુણ ગાન ગવાતા હોય છે. મોટી મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ લાખો રૂપિયાનો ખર્ચ કરીને જુદા જુદા કાર્યક્રમો હેઠળ વિદ્યાર્થીઓને સંસ્કારો આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ ક્યાંય જોઈએ તેવું પરિણામ મળતું નથી. આપણે તેમાં નથી પડવું. પરંતુ આપણે એવા ભાગ્યશાળી છીએ કે આપણને મહારાજે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે બધું જ ખૂબ સુંદર બેલેન્સ કરીને આપ્યું છે. આલોક અને પરલોકના સુખની ગેરંટી આપી છે. મહારાજનું આ અતિ અદ્‌ભુત કાર્ય છે. મહારાજે આપણા માટે ખૂબ દાખડો કર્યો છે. કાંટા, કાંકરા, તાપ કે વરસાદમાં પણ મહારાજે ખુલ્લાં પગે ચાલીને વનવિચરણ કર્યું છે. એ સમયે મહારાજને કોઈએ કહ્યું નથી કે, મહારાજ ! લ્યો આ સ્લીપર પહેરીને ચાલો ! આપણે મહારાજના દાખડા સામે જોઈએ તો આ સત્સંગમાં હંમેશા અહોપણું રહે. સંતો-ભક્તોમાં ગુણગ્રાહી દ્રષ્ટિ હોય તો સત્સંગ વૃદ્ધિ પામે. બીજાના દોષ જોવાની દ્રષ્ટિ થાય એટલે એ માણસ પછી દુઃખી દુઃખી થઈ જાય ! મહારાજે આપણને સુખી કરવા માટે કંઈ બાકી રાખ્યું નથી છતાં આપણે દુઃખી થઈએ છીએ તેનું કારણ આપણો સ્વભાવ આપણી પ્રકૃતિ છે. વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે ભગવાન કે મોટા પુરુષની દૃષ્ટિ પડે તો માણસ રંકમાંથી રાજા પણ થાય અને વળી રાજા મટીને રંક પણ થઈ જાય !

સત્સંગનો ખૂબ વિકાસ અને વિસ્તાર થયો છે અને થતો જાય છે. દરેક જગ્યાએ અમારે પહોંચી શકવું એ પણ કઠિન બન્યું છે. આ વિસ્તારમાં જ જુઓ. ઘણાં વર્ષ પહેલા અહીં જુજ હરિભક્તો હતા અને આ એક જ મંદિર હતું. હાલમાં આ વિસ્તારમાં કેટલા બધા મંદિરો થયા અને સત્સંગનો કેટલો બધો વ્યાપ થયો છે ! જે આપણા સૌના માટે ભગવાનની કૃપાનું જ ફળ છે. આપણને મળેલો આ સત્સંગનો વારસો આપણે સૌ જાળવી રાખીએ અને આપ

સૌ જાળવી રહ્યા છો. આવી કથાઓના માધ્યમથી, તેને સાંભળવાથી આપણામાં રૂડા ગુણ આવે છે. કથાના અંગ વિના રૂડા ગુણ આવતા નથી.

**મ્યુઝિયમમાં દર્શને આવવાની દાસભાઈએ સૌને ભલામણ કરી તો એ બાબત અમારો પણ આગ્રહ છે કે જેઓ હજુ સુધી મ્યુઝિયમમાં દર્શને નથી ગયા તેઓએ દર્શન કરવા અવશ્ય જવું જોઈએ. અને જેઓએ દર્શન કર્યું છે તેઓએ પણ વારંવાર દર્શન કરવા જવું જોઈએ. કારણ કે ભગવાન કે ભગવાનની પ્રસાદીની વસ્તુઓનું દર્શન તથા ભગવાનની કથાનું શ્રવણ ક્યારેય જૂનું થતું નથી. કોઈને જ્યારે એમ થાય કે એકની એક વસ્તુમાં શું વારંવાર જોવું, બધું એનું એ જ છે. આવુ જ્યારે થાય ત્યારે સમજવું કે એ માણસને સત્સંગમાં બીમારી આવી. દર્શન નવું ને નવું લાગે, તેની તૃપ્તિ ન થાય તો સમજવું કે એ માણસ સત્સંગમાં સ્વસ્થ છે. સર્વાવતારી શ્રીહરિની એક પ્રસાદીની વસ્તુ પ્રાપ્ત થવી કે તેનું દર્શન થવું એ પણ અતિ દુર્લભ છે, જ્યારે આપણી પાસે મ્યુઝિયમમાં તેનો મોટો ખજાનો ભર્યો છે. આ ખજાનાનું દર્શન કરવામાં જેને પ્રીતિ છે તેને મોટો ખજાનો હાથ લાગ્યો છે તેમ સમજવું ! પ્રસાદીની એક પણ વસ્તુનું દર્શન કે શ્રીજી મહારાજ સાથે તે વસ્તુના સંબંધની વાત જો દર્શન કરનાર જીવાત્માને કાયમ માટે યાદ રહી જાય તો પણ એ જીવાત્માનું અંતકાળે કામ થઈ જાય છે. આ મ્યુઝિયમ બનાવવામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ કેટલી બધી મહેનત કરી છે. શા. સ્વા. નિર્ગુણદાસજી અને મોટા પી.પી. સ્વામી વગેરે વિદ્વાન સંતોએ લખાણ કરવામાં, સંશોધન કરવામાં કેટલી મહેનત કરી છે.** તમો સૌ પણ પરિશ્રમમાં સાથે જ હતા માટે મ્યુઝિયમનું દર્શન કરવામાં ક્યારેય તૃપ્તિ ન અનુભવવી.

(અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે પ.પૂ. મહારાજશ્રી કે સમગ્ર ધર્મકુળ હરહમેશ મહારાજે પધરાવેલા શ્રી નરનારાયણાદિક દેવના મહિમાની વાત કરશે, સંત મહિમા કે સત્‌શાસ્ત્રોના મહિમાની વાત કરશે પરંતુ શાસ્ત્રોમાં ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા અતિશે આપ્યો હોવા છતાં પોતે પોતાના મુખેથી ક્યારેય ધર્મવંશી આચાર્ય પદનો મહિમા કહેતા નથી, જે તેઓશ્રીની અતિશે મહાનતા દર્શાવે છે. શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્યશ્રીના સદ્‌ગુણો તથા સ્વભાવની આ જ સામ્યતા છે. પોતે શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ હોવા છતા ક્યારેય પોતાના મુખેથી તેની મહત્તા કહીને ભગવાન તરીકે પૂજાતા નથી. તેઓશ્રીની આંગળી હંમેશા મહારાજે પધરાવેલા દેવ તરફ જતી હોય છે. બાકી આજે આ ઘોર કળિકાળમાં કેટલાય પાખંડીઓ પોતાની જાતને ભગવાન તરીકે પૂજાવા લાઈનો લગાવીને બેઠા છે. અને તેઓને તેવા અબૂધ ચેલાઓ મળી પણ રહે છે !)


પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં



પવિત્ર અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે

અન્નકૂટ દર્શન

અધિક અષાઢ વદ અમાસ તા. ૧૬-૭-૧૫ ગુરુવારના રોજ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ
ભવ્ય અન્નકૂટ દર્શન- રાજભોગ
અન્નકૂટ આરતી સવારે : ૧૦-૦૦ કલાકે
અન્નકૂટ દર્શન સવારે : ૧૦-૦૦ થી ૧-૦૦

યજમાન : અ.નિ. સ.ગુ. શા.સ્વા. કૃષ્ણજીવનદાસજી (મેતપુરવાળા)ના દિવ્ય સંકલ્પથી,
હ. સ.ગુ. શા.સ્વા. બાળકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી ગોવિંદપ્રસાદદાસજીની પ્રેરણાથી
અ.નિ. પ.ભ. પ્રભુદાસ ગોકળભાઈ પટેલ પરિવાર,
હ. પ.ભ. બંસીભાઈ, પ.ભ. જસવંતભાઈ તથા પ.ભ. ઘનશ્યામભાઈ સહ પરિવાર મેતપુરવાળા - હાલ મુંબઈ

# સ્વામી ! મારું કલ્યાણ થાય તે બતાવો

(દલપત શૃંખલા-૩)

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સંવત ૧૮૯૦ ની એ વસંત પંચમી હતી. બાળ દલપત હવે કિશોર દલપતરામ બન્યા હતા. ૧૪ મું વર્ષ ઉતરીને ૧૫ મું વર્ષ બેઠું હતું. મૂળીમાં વસંત પંચમીનો સમૈયો હતો. વઢવાણથી હરિભક્તો જતા હતા. મામા પ્રેમાનંદ પણ જતા હતા.

‘‘દલપત ! તારે મૂળીના સમૈયે આવવું છે ?’’

‘‘હા મામા ! મારે આવવું છે, જોવાનું જડશે.’’ તરત જ દલપતરામ તૈયાર થઈ ગયા, પણ માતા અમૃતબા રાજી ન હતાં ‘‘મૂડિયા મારા દીકરા ઉપર ભૂરકી નાંખો તો ?’’ પણ દલપતરામ મક્કમ હતાં. ‘‘મા, તું ચિંતા ના કર. મૂડિયા મને શું કરશે ? મારે સ્વામી પંથી થવું જ નથી ને ?’’


સમૈયામાં ચારેય કોરથી માનવ મહેરામણ ઉમટતો. સંતો મંદિર ફરતી પર્ણકુટીરો કરીને એમાં રહેતા. દલપતરામ એમની નોંધમાં લખે છે : ‘‘હાલ જેમ કોઈ નવો માણસ સ્વામિનારાયણ મંદિરમાં આવે તો જેમ હવેલીઓ વિગેરે તેને દેખાડવામાં આવે છે તેમ તે વખતે જુદા જુદા સાધુઓ તથા તેમના ઉપદેશ તથા બોધ શક્તિ બતાવવામાં આવતાં.’’

કિશોર દલપતરામનો મૂળીના સમૈયામાં ખૂબ ખૂબ જોવા તથા જાણવા મળ્યું. સત્સંગ સભામાં બેઠા, કીર્તન સાંભળ્યાં, ભોગવતી ગુપ્તગંગાના વીરડામાં સ્નાન કર્યું, સમગ્ર ગામમાં ફર્યા, આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દર્શને ગયા, ચરણ સ્પર્શ કર્યા. હરિભક્તોનાં વૃંદ દીઠાં, ભાવ જોયો, ભક્તિ ભાળી. બાઈ-ભાઈનાં અસ્પર્શ-ધર્મમર્યાદા નજરોનજર જોયાં. તિલકિયાં ને ચાંદલિયાં દીઠાં, બ્રહ્મચર્ય ઝળહળતાં સંતોનાં દર્શન થયાં. આમ મૂળીના આ સમૈયામાં દલપતરામે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને, એનાં સદુપદેશને ને એણે પ્રજામાં પ્રેરેલી ધર્મપ્રેરણાને પ્રત્યક્ષ પેખ્યાં, પણ દિલ માન્યુ નહિ. આંખ કહેતી કે કંઈક છે - અપનાવવા જેવું, અંતરમાં ઉતારવા જેવું, એની નીતિ રીતિમાં ઓળ ઘોળ થઈ જવા જેવું - પરંતુ મન અને બુદ્ધિ કહેતા ‘હજી મારે પૂછવું છે !’

દલપતરામે બુદ્ધિના ખુલ્લા માટે પાંચ પ્રશ્નો તૈયાર કરેલા. જુદા જુદા સંતોના આસને તે જાય અને ત્યાં એ દરેકને આ પ્રશ્નાવલી પૂછતાં :

(૧) ઈશ્વરનો અવતાર ધરવાનું કારણ શું હોય?
(૨) વગર અવતાર ધર્યે તે પોતાનું કાર્ય ન કરી શકે?
(૩) કળિયુગમાં અવતાર થાય જ નહિ.
(૪) અમારાં (આપણાં) આગળનાં ધર્મશાસ્ત્રો શું ખોટાં છે?
(૫) તે પ્રમાણે ચાલ્યે અમારૂં કલ્યાણ ન થાય?

સંતોના આસને આસને આ પ્રશ્નમાળા પૂછે.



ઉત્તર સાંભળે પણ મન અને બુદ્ધિને સંતોષ ન થાય. દલપતરામનું અંતર હજી ઉખર (ઉજ્જડ) ખેતર હતું. પણ ઉખરને યે ફળદ્રુપ કરનારા દુનિયામાં પડ્યા છે ને ?

ફરતા ફરતા દલપતરામ ભૂમાનંદ સ્વામીને આસને આવ્યા. ત્યાં કીર્તન ગવાતું હતું.

**સર્વે સખી જીવન જોવાને ચાલો રે;**
**શેરડિયોમાં આવે લટકંતો લાલો રે.**
**... આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે.**

સ્વામી કીર્તન ગાય અને શ્રોતાજનો સાથે સાથે ઉપાડે. કીર્તન પૂરું થયું ને ભૂમાનંદ સ્વામીએ કથા શરૂ કરી. અંતરમાં શ્રીહરિ ને ધારીને સ્વામીએ શાંત સૌમ્ય સ્વરે ઉપદેશ શરૂ કર્યો : ‘‘અરે ભાઈ ! જીવનું કલ્યાણ મનુષ્ય દેહમાં જ છે માટે મનુષ્યદેહ મોંઘેરો કહ્યો છે. ચોરાશીના ફેરામાં બીજે મોક્ષ નથી. દેવલોક પુણ્ય માણવાને માટે છે क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति ।અમારે તમને ખોટું કહેવાનું કારણ શું હોય ? સ્ત્રીધનનો અમારે ત્યાગ છે. મન માને તો માનજો. ઉગ્યે કહેવાથી યે અજવાળાં આપશે અને ઉગ્યો નથી એમ કહેવાથી યે અજવાળાં આપશે. આ તો સહજાનંદી સૂરજ ઉદય થયો છે ! બોલો સંતો કીર્તન બોલો.

ભૂમાનંદ સ્વામી સંત હતા, કવિ હતા. કીર્તનો કરતા, કીર્તનો ગવરાવતા. સંશયોને દળી નાંખતી ઘંટીના ઘરઘર રવે કીર્તન શરૂ થયું.

**મંદિર મારે આવ્યા રે, સ્વામી સૂરજ ઉગતે રે**
**વધાવ્યા મેં ભરી મોતીની થાળ ........**
**ખોયેલા દિવસના રે ખંગ સરવે વળ્યા રે,**
**ભૂમાનંદ કહે શાંતિ પામ્યું ચિત્ત.... મંદિર મારે**

દલપતરામનું કિશોર અને તર્કશીલ માનસ થડકો ખાઈ ગયું. પગ થંભ્યા, પલાંઠીભેર બેસી ગયાં. અંતરમાં પરમ શાંતિ છવાવા લાગી, જાણે ખાંખા ખોળા કરતાં હૃદય મંદિરમાં શ્રી સહજાનંદજી મહારાજ પ્રવેશવા લાગ્યા !

વળી કથા આગળ ચાલી. સ્વામી બોલ્યા : ‘‘શ્રીજી મહારાજ ક્યાં જન્મેલા ? ક્યાંથી આ દેશમાં આવ્યા ? લાખો જનોની વૃત્તિઓ કેવી ખેંચી લીધી ? એ બધાય શું આશ્ચર્ય નથી ? સધ્ધર્મનો જાણે સૂરજ ઉગ્યો હોય એમ નથી થતું ? કોઈને શંકા રહેતી હોય ને પૂછવું હોય તે ભલે પૂછે.

અને વઢવાણના આ જુવાન છોકરડાએ પોતાના પાંચેય પ્રશ્નો એક સામટા સ્વામીને પૂછી નાંખ્યા ! સ્વામીએ સર્વે પ્રશ્નોના ક્રમબધ્ધ ઉત્તરમાં કહ્યું :

‘‘ભગવાનની ભાષા મૌનની છે. એ કદી બોલતા નથી. આકાશવાણી ક્યારેક થાય છે, એ દેવવાણી છે. કેટલાયે કળા અવતાર થયા, અંશાવતાર થયા, શ્રીકૃષ્ણ પૂર્ણાવતાર હતા. આ તો અવતારોનાં અવતારી આંગણે આવ્યા છે. અગમ્ય ને અગોચરને ઓળખાવવાને વાસ્તે ભગવાન અવતરે છે. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે ‘સંભવામિ યુગે યુગે’ એટલે કળિકાળમાં અવતારને કાંઈ અવરોધ નથી. ધર્મશાસ્ત્રો સહુ શ્રીહરિની પ્રેરણા છે, ને સહુમાં કલ્યાણ રહ્યું છે. શ્રુતિ ત્રિકાળપર છે, પણ સ્મૃતિ યુગે યુગે બદલાય. શ્રી સ્વામિનારાયણ ભગવાન આજના (સાંપ્રતયુગના) ધર્મ પ્રબોધવાને પધાર્યા હતા. આ લોકનું ને પરલોકનું કલ્યાણ કહી ગયા છે. એમણે ૨૧૨ શ્લોકોની શિક્ષાપત્રી લખી છે ને પાળો બાંધી છે. એ પાળો (મર્યાદા) પાળે એમને કલ્યાણનો કોલ છે.

અતિ ધીરજથી સરોવર જેમ હેલિયાં લે એમ સ્વામી બોલતા. દલપતરામ લખે છે કે, ‘‘પ્રથમ તો વાર્તા કરનાર સ્વામીનો ચહેરો જોઈને તથા આંખો જોઈને જ વાતો સાંભળનારના મનને શાંતિ થઈ જાય. વચનો તો પછી નીકળે. એવી અસરકારક રીતે વાત કહેનાર તો શું પણ તેના સોમા ભાગે અસરકારક વાત કરનાર હાલ કોઈ નથી,

સંતો ભાઈ રે ! શાંતિ પમાડે તેને સંત કહિયે. સ્વામી બોલ્યા : મન માને તો સાક્ષી પૂરજો. અમને એંધાણ મળ્યાં છે. અને દલપતરામ જે શોધતા હતા એનાં એંધાણ એમને મળી ગયાં !

**આદિત્ય સમય ઉદય થયા સ્વામી સહજાનંદ;**
**અજ્ઞાન તિમિર ટાળવા, લઈ મુનિઓનાં વૃંદ.**
**સત્સંગ ચારે ખૂણમાં કરાવ્યો, કાઢી કુસંગ;**
**સતજુગ સમ ધર્મ સ્થાપિયો, કરી કાળનો ભંગ.**
**જીવ જઈ જેની આગળે જીત્યા જુલમી કામ;**
**એ રે એંધાણીને ઓળખો ભૂમાનંદો શ્યામ.**

બસ થયું. દલપતરામને ધર્મબાણ વાગ્યાં. દલપતરામ સ્વયં કહે છે કે ઉપદેશ જેમ બાણ વાગે તેમ, છાતીમાં ઉતરી ગયો. અંતઃકરણ પીગળી ગયું,

નેત્રમાં આંસુ આવી ગયાં, અને સ્વામી પાસે બોલ્યા કે **"સ્વામી ! મારું કલ્યાણ થાય તે બતાવો."**

સાધુ જીત્યા ને ગૃહસ્થ હાર્યા. સધ્ધર્મને કોણ જીત્યું છે? સધ્ધર્મ સન્મુખે હાર સ્વીકારતાં શરમાયા છે તે સૌ જીવન હાર્યા છે.

ત્રણેક દિવસ મૂળીમાં રોકાઈને ભૂમાનંદ સ્વામી પાસેથી દલપતરામે પંચવર્તમાનની સ્વામિનારાયણ ધર્મ દીક્ષા લીધી. હાથમાં જળ અપાવીને સ્વામી ઉપદેશ્યા : ત્યાગીના પંચવર્તમાન છે, નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ નિઃસ્વાદ ને નિર્માન. તેમ ગૃહસ્થનાં પણ પંચવર્તમાન છે. મદ્ય, માંસ, ચોરી, અવેરી અને વ્યભિચારનો ત્યાગ. સ્વામીએ મંત્રોપદેશ દીધો. 'સ્વામિનારાયણનો દૃઢ આશ્રય રાખવો, પંચવર્તમાન પાળવા, અણગળ્યાં પાણી કે દૂધ ન પીવાં, હરિનામની પાંચ માળા રોજ ફેરવવી ને નૈવેદ્ય ધરાવીને જમવું.'' પછી ભૂમાનંદ સ્વામીએ દલપતરામને શિક્ષાપત્રી આપીને કહ્યું : 'બધાયે સત્શાસ્ત્રોનો સાર આમાં છે. અમે ય આથી વિરૂદ્ધ બોલીએ તો ન માનવું.'' દલપતરામે જ્યારે સ્વામીનાં રચેલાં કીર્તન માંગ્યા ત્યારે

**ઘેર ચાલી આવ્યા ગોલોકવાસી રે**

એ કીર્તનનો ચોક ઉતારીને આપ્યો

''મારે સ્વામીપંથી થવું જ નથી ને. મૂડિયા મને શું કરનાર છે ?'' એવા દૃઢ સંકલ્પે ઘરેથી નીકળેલા દલપતરામ શ્રી સ્વામિનારાયણ ધર્મદીક્ષા અંગિકાર કરીને ભાલમાં તિલક ચાંદલો, ઝોળામાં માળા પૂજાને શિક્ષાપત્રી લઈને મામા સંગાથે ઘેર આવ્યા. કાળમીંઢ ખડક પણ પૂરમાં પડે છે તો હૈયાપોચી ભેખડ ન પડે ?

પંદરમે વર્ષે સ્વીકારેલું એ સોહામણું ધર્મતિલક ૭૯ મેં વર્ષે યે દલપતરામના ભાલપ્રદેશેથી ભૂંસાયું નહોતું.

હવે દલપતરામ આગળ લખે છે : ''મૂળીથી સ્વામિનારાયણનો ધર્મ સ્વીકારીને પોતાનો પુત્ર ઘેર આવ્યો એ વાત પિતા ડાહ્યાભાઈના જાણવામાં આવી ત્યારે જેમ બ્રાહ્મણનો દીકરો મુસલમાન થઈ જાય એટલું પોતાને (પિતાને) ખોટું લાગ્યું.''

''ગજબ થયો મારો નિર્વંશ ગયો હવે અગ્નિહોત્ર કોણ કરશે અને અખંડ અગ્નિને કોણ પૂજશે-પૂજાવશે ?'' ''વેદ ગયો એટલે વંશ ગયો'' એમ ભાખનાર પ્રખર અગ્નિહોત્રી પિતા સાચા કે સ્વામિનારાયણ સંપ્રદાય અંગિકાર કરનાર પુત્ર સાચો ? અહીં તો પિતા-પુત્ર ઉભય ધર્મપરાયણ હતા. જેમ દશરથ અને રઘુવીરના પ્રસંગમાં પિતા પુત્ર બંને સાચા હતા. તેમ અહીં દલપતરામ કે ડાહ્યાભાઈ કોણ સાચું ? કોયડો ઉકેલવો કપરો છે ! કેમ કે અહીં તો માત્ર એક વિધાત્રી જ સાચી હતી !!

(ક્રમશઃ)

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર રવિવારે વચનામૃત સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાંગમય સ્વરૂપ અમૃતવાણી વચનામૃત કે જેમાં શ્રીજી મહારાજનો પોતાનો હૃદય ગત અભિપ્રાય છે તે એકાન્તિકી ભક્તિ અને સર્વોપરી ઉપાસનાનું રહસ્ય ભરેલું છે, જે જ્ઞાન સમજવું અને હૃદયમાં ઉતારવું અતિ અઘરૂ છે સામાન્ય સંજોગોમાં સમજી શકાતું નથી.

આવું દિવ્ય જ્ઞાન પવિત્ર સ્થળ કે જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવેલી પ્રસાદીના અલૌકિક વસ્તુઓનું સંગ્રહ સ્થાન એટલે સાક્ષાત્ અક્ષરધામનો અનુભવ કરાવે તેવા પવિત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના એસી હોલમાં દર રવિવારે ૩-૩૦ થી ૬-૦૦ વાગ્યા સુધી આપણા વિદ્વાન કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તા પદે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને આપણા પરમપૂજ્ય મોટા મહારાજશ્રીએ આપણા આત્યન્તિક કલ્યાણની ખેવના રાખી ઉપરોક્ત વચનામૃત સત્સંગ સભાનું આયોજન અંતર્ગત ઉંડો રસ લઈને આપણા સૌના ઉપર આવી અપાર કૃપા કરેલ છે અને આવો દિવ્ય લાભ સૌ મુમુક્ષોને મળે તેવી આજ્ઞા કરેલ છે. જેનો દરેક મુમુક્ષોએ અવશ્ય લાભ લેવો.

# પાપનિવર્તક પ્રાયશ્ચિત અને પશ્ચાતાપ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)

વર્તમાન કાળમાં મનુષ્યો દ્વારા શારીરિક તેમજ માનસિક પાપોમાં ઉત્તરોત્તર વધારો થતો જ રહ્યો છે. ચારિત્રહિનતા અને અનેક પ્રકારની હિંસા આદરવામાં લોકો અતિશય નિર્દયી બન્યા છે. આવા કુકર્મો આદરતા લોકો માટે તેમને પ્રાપ્ત થયેલા ઘરેલું સંસ્કાર, મિત્રવર્તુળ, અશિક્ષણ કે કુસંગત જેવા પરિબળોને જવાબદાર માનવામાં આવે છે.

પ્રત્યેક ધર્મ સદાચાર તથા સંસ્કારીતા શિખવે છે. કેટલાક લોકોને પાપ એટલે શું અને પુણ્ય એટલે શું ? એની કોઈ જાતની ખબર જ નથી. વિદ્વાનો કહે છે કે કસાઈની ક્રૂરતા સ્વાભાવિક આનુવંશિક હોય છે. તેને હિંસા એટલે પાપકર્મ એવું મનાતું નથી. આજે સમાજમાં જે કંઈ સેવા-સુશ્રુષા, સત્કર્મ, દાન, પુણ્ય, ભજન-ભક્તિ, આરાધના અને દયાભાવ જોવા મળે છે તે આપણા ધર્મો, મહાપુરુષો, સંતો, ગુરુજનોને આભારી છે. પાપ-પુણ્યની વિગતો તમામ ધર્મોમાં ધર્મશાસ્ત્રોમાં સમજાવવામાં આવેલી છે.

પાપકર્મ કે દૂરાચારનું કર્મફળ એટલે ભવિષ્યમાં પાપીજન માટે આવનાર દુઃખદ યાતનાઓ. બીજા શબ્દોમાં કહીએ તો નર્કની યાતનાઓ. કારણ કે આ દુનિયાનો એક મહા સિધ્ધાંત છે કે, ‘‘કરો તેવું પામો’’ ‘‘વાવો તેવું લણો.’’ ધર્માચાર્યો શીખવે છે કે, ‘‘ખાડો ખોદ તે પડે, કર અને જો.’’ અનેક કુકર્મો કર્યા બાદ જ્યારે કુકર્મી ને અત્યંત દુઃખો જ્યારે ઘેરી વળે છે ત્યારે તેની શાન ઠેકાણે આવે છે. તેને ખ્યાલ પણ આવે છે કે આ દુઃખદ દશા મેં કરેલા દુષ્કૃત્યોની સજા છે. હવે કેમ છૂટવું ? મારે શું કરવું કે જેથી મને સજામાંથી મુક્તિ મળે મને હળવાશ મળે ? શાસ્ત્રકારોએ પાપકર્મના કઠોર ફળમાંથી છૂટવાનો રસ્તો બતાવ્યો છે. પ્રાયશ્ચિત અને પશ્ચાતાપ. યાજ્ઞવલ્કયમુનિ જણાવે છે કે અજાણતાં જે પાપ કર્મ થઈ જાય તે પ્રાયશ્ચિતથી નાશ પામે છે. પરંતુ જાણીને પાપ કરનારને તો નર્કનું દુઃખ ભોગવવું જ પડે છે. પસ્તાવા દ્વારા થોડું પાપવિમોચન થઈ શકે છે. જે સંપૂર્ણ શુધ્ધ હૃદયથી જ થવું જોઈએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગિજીવન પ્રકરણ-૫ માં અધ્યાય ૪૫ તથા ૪૬ માં મહાપાપો ને પ્રાયશ્ચિત કરવાની વિગતો વર્ણવી છે. ચોરીનું કર્મ, પરદારાગમન, સ્ત્રીવધ, ગૌહત્યા એ ‘‘ઉપઘાત કે પાપો છે. આ પાપની શુદ્ધિ માટે એક માસ માટે ચાંદ્રાયણ વ્રત અથવા એક માસ માત્ર દૂધ પર રહી શુધ્ધ ભાવે ભક્તિ કરવાથી ઉપઘાતકની શુદ્ધિ થાય છે.

મહાપાતકી હોય તેણે પાપનિવારણ અર્થે કૃચ્છવ્રત અને પ્રજાયત્ય વ્રત કરવા અનુરોધ કરેલો છે. બ્રાહ્મણ, પિતા, આચાર્ય અને ગુરુજનોનો તિરસ્કાર કે નિંદા કરવી, યજ્ઞમાં દીક્ષિત થયેલાનો વધ કરવો, રાજાનો વધ કરવો, સગર્ભા સ્ત્રીનો ઘાત કરવો, રજસ્વલા સ્ત્રીનો ઘાત કરવો આ તમામ મહા પાપો છે.

નારાયણ અને શંકરની નિંદા કરવી, શાલીગ્રામ તથા જ્યોતિર્લિંગની અવજ્ઞા કરવી, ભક્તજનોનો સંતોનો દ્રોહ કરવો, અનાદિ મુક્તોની વાતોનું ખંડન કરવું આ તમામ ‘‘અત્યધિક’’ પાપો છે. ભગવાનના કોઈ ભક્તજનનો ક્યારેક અપરાધ થઈ ગયો હોય તો તેની ક્ષમા માગી, તેને પ્રસન્ન કરવાથી પાપની શુદ્ધિ થાય છે.

શ્રીજી મહારાજે પાપીજનોની પાપનિવર્તકતા માટે, પ્રાયશ્ચિતતા માટે અનુષ્ઠાનરૂપે જપ કરવાનો વિધિ દર્શાવેલ છે. છ માસ સુધી શ્રીહરિની મૂર્તિ કે ચિત્ર પ્રતિમા સન્મુખે સ્નાનાદિક ક્રિયા કરી, શુધ્ધ વસ્ત્રો ધારણ કરી, દર્ભ કે ઉનનું આસન રાખી તે પર બેસીને એ મૂર્તિ પર સ્થિર દૃષ્ટિ રાખી, મૂર્તિભાવ ટાળી શ્રીહરિનો અર્થાત્ શ્રીહરિના નામનો જપ કરવો. ‘‘શ્રી સ્વામિનારાયણ નમઃ શ્રીહરિ કૃષ્ણાય નમઃ’’ આવા નામ મંત્રનો જપ પાંચ હજાર વાર છ માસ સુધી કરવો. પાપકર્મ અંગે શુધ્ધ મનથી ક્ષમા માગવી. સુક્ષ્મ એવા મચ્છર, માંકડ, પતંગિયા એવા જીવ, ભમરો, દેડકો, વીંછી, ઉંદર આદિ અજાણતા મરાઈ જાય તો તેની શુદ્ધિ માટે ભગવાન્નામ ઉચ્ચારણ કરવું. વિશેષ પ્રાયશ્ચિત વિધિ ‘‘ધર્મામૃત’’ ગ્રંથ થકી જાણી લેવી જોઈએ કે જેથી આ જન્મમાં શુધ્ધ થઈ પુણ્યનું ભાથું બાંધી શકાય.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

સંવત ૧૮૮૩ ના માગસર સુદ ૧૦ વાર સનેઉ (શનિવાર) સ્વામી સહજાનંદજી જોગ  લીખીતંગ દવે હરીશંકર નથુરામ જત અમારું ખેતર ૧ મોજે કોટેશ્વર પ્રગણે દસકરોઈના ગામની સીમનું વીઘાં ૧૨) નું  નામે જુનવર છે તે ખેતર મોજે મચકુરથી ઊત્તર દશાએ છે તે ભાગોલેથી ખેતરવા ૧ ને છેટે છે તે ખેતર અમદાવાદ મધે શ્રી નરનારાઅણના દેવલના ખરચ સારુ ધરમાદા શ્રીકૃષ્ણાર્પણ આપ્યું છે. એ ખેતર નકરૂ છે. એ ખેતર ઊપર સરકારની સીમથી એ ખેતરના ચારે ખુંટની વિગતે પૂરવ દશાએ કુંડીવાલું ખેતર છે ને પછંમ દશાએ કોતર છે ને ઊત્તર દશાએ તલાવડી છે ને દખણ દશાએ કુતરીઊ નામે ખેતર છે એ રીતે ચારે ખૂંટ વચ્ચેનું ખેતર ધરમાદામાં આપું છ એ ખેતરની ઊપજ શ્રી નરનારાઅણ દેવના મંદિરમાં આવે. આ ખત અમે અમારી રાજી રજા વતીથી અકલ હુંશિયારીથી લખી આપું છું. તે અમારી પેઢી દર પેઢી પાલે ને તેમ ઝહાં સુધી નરનારાયણનું મંદિર રહે તાં સુધી એ ખેતરની ઊપજ મંદિરમાં લો. ઝહાં સુધી ચાંદો સુરજ તપે તાં સુધી તમને એ ખેતર આપું છે. તમને કોઈ શખશ હરકત કરે નહિ. તા. ૯ ડિસેમ્બર સને ૧૮૨૬ ના અંગરેજી.

શ્રીહરિની પ્રસાદીનો આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં સર્વેના દર્શનાર્થે પધરાવવામાં આવ્યો છે. સર્વે હરિભક્તો તેનો લાભ લેજ્યો. આ હસ્તાક્ષરના દર્શન પણ ઘણા પુણ્યવાળા બળીયા જીવોને પ્રાપ્ત થાય છે.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - મે - ૨૦૧૫

રૂા. ૬૦,૦૦૦/- સા. યોગી ધનબાઈ હિરજી હલાઈ -કચ્છ
સા.યોગી મેઘબાઈ શીવજી કેરાઈ -કચ્છ
હ. હરજી ખીમજી હાલાઈ

રૂા. ૫૧,૦૦૦/- પ.પૂ.મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
હ.અ.નિ.મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ પ્રેરક નંદલાલભાઈ કોઠારી
હ. ત્રિભોવનદાસ પાટડીયા પરિવાર

રૂા. ૨૧,૦૦૧/- અ.નિ.મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ પ્રેરક અ.નિ. નંદલાલભાઈ કોઠારી
હ. જાગૃતિબેન યોગેશભાઈ શાહ

રૂા. ૧૧,૦૦૦ શ્રીહરિ ક્રિએશન
હ.મહંત સ્વામી, શ્રી સ્વામિ. મંદિર, અંજલી.

રૂા. ૧૧,૦૦૦/- ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ

રૂા. ૧૦,૬૦૦/- સરજુ એસોસીયેટ - મોટેરા

રૂા. ૯,૫૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર - બાયડ

રૂા. ૯,૦૦૦/- સ્નેહલકુમાર જગદીશભાઈ પટેલ - બાયડ

રૂા. ૮,૨૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર - કર્મશક્તિપાર્ક

રૂા. ૫,૧૦૦/- ડો.વસંત વાલુ - અમદાવાદ

રૂા. ૫,૧૦૦/- જયંતીલાલ મફતલાલ પટેલ-ચાંદખેડા

રૂા. ૫,૧૦૦/- રાજેશભાઈ ખેમાભાઈ પંચાલ ટોરડાવાળા - નરોડા

રૂા. ૫,૧૦૦/- શ્રી સ્વામિ.મંદિર-૨૦મા પાટોત્સવ નિમિત્તે મહાદેવનગર

રૂા. ૫,૦૦૧/- તેજસ ગૌતમભાઈ મફતભાઈ પટેલ - વડુ

રૂા. ૫,૦૦૧/- ચિરાગ શંભુભાઈ પટેલ - ઘાટલોડિયા

રૂા. ૫,૦૦૧/- ભલાભાઈ સી. પટેલ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- મીનાબેન કે. જોષી - બોપલ

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - મે - ૨૦૧૫

તા. ૦૩-૦૫-૧૫ ચિરાગ શંભુભાઈ પટેલ - ઘાટલોડિયા હ. દિનેશભાઈ ઠુમ્મર

તા. ૧૦-૦૫-૧૫ રમેશભાઈ શાંતિલાલ દોરડાવાળા - કાંકરિયા

તા. ૧૯-૦૫-૧૫ અ.નિ. વિનોદભાઈ પટેલ હ. ઈન્દિરાબેન વિનોદભાઈ - શાંતિપુરા(કંપા)

તા. ૨૮-૦૫-૧૫ અશોકભાઈ પ્રભુદાસ ઠક્કર - બોપલ

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ઈર્ષા કરવી તો નારદજીના જેવી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક મહાત્માજી હતા. એમનું નામ નારદજી. એમને તો સહુ કોઈ ઓળખે. નારદજીનું નામ પડે એટલે તરત ખ્યાલ આવી જાય કે હાથમાં વીણા અને માથે ઉભી ચોટલી અને મુખમાં નારાયણનું નામ. આવા હોય એટલે એ નારદજી જ હોય. બીજા એક મહાત્માજી હતા એમનું નામ તુંબરૂ ઋષિ સંગીત કળામાં ખૂબ હોંશિયાર અને સારા ઋષિ હતા.

એકવાર નારદજી નારાયણ નારાયણ.... કરતા ચાલ્યા જતા હતા. ત્યાં એમને તુંબરૂઋષિ મળ્યા. ઓહો.... નારદજી ! આજ મારા અહોભાગ્ય, તમારા દર્શન થઈ ગયા. આમ કઈ બાજુ જાઓ છો ? આજ વિચાર થઈ ગયો કે હમણાં વૈકુંઠમાં ગયો નથી તો આજે વૈકુંઠમાં જતો આવું. ભગવાનનાં દર્શન કરતો આવું. તુંબરૂ ઋષિ ! ચાલો તમારે આવવું હોય તો તમે પણ ચાલો. હા નારદજી મારી પણ ઈચ્છા હતી જ અને તમે મળી ગયા તે બહુ સારૂં થઈ ગયું. ચાલો જઈએ.

આમ વાતો કરતાં બન્ને મહાત્માઓ સાથે મળી ચાલ્યા. વૈકુંઠમાં આવી ભગવાનના દર્શન કર્યા. સુંદર શોભાયમાન સિંહાસન ઉપર ભગવાન લક્ષ્મીનારાયણ વિરાજમાન હતા. બન્નો મહાત્માઓનું સ્વાગત કર્યું. બેસવા માટે આસન આપ્યા. તુંબરૂ ઋષિ સંગીતકળામાં પ્રવિણ હતા. ભગવાન આગળ બેસી એમણે ગાવાનું શરૂ કર્યું. એવું સુંદર સંકીર્તન્ તુંબરૂ ઋષિએ કર્યું કે ન પૂછો વાત. ભગવાન નારાયણ અને લક્ષ્મીજી બંને આ તુંબરૂ ઋષિનું સંગીત સાંભળી પ્રસન્ન થઈ ગયા. વાહ..... તુંબરૂ ઋષિ તમે ખૂબ સરસ સંગીત કર્યું. આવું તો અમે ક્યાંય સાંભળ્યું નથી. અને પ્રસન્ન થયેલા ભગવાને તુંબરૂ ઋષિને વસ્ત્ર-અલંકારો ભેટ આપ્યા. નારદજી બાજુમાં જ બેઠા હતા. તેમને કાંઈ ન મળ્યું.

નારદજીને તુંબરૂ ઋષિ પર ઈર્ષ્યા આવી કે આને આટલું સરસ ગાતા આવડે છે. માટે ભગવાને એમને વસ્ત્ર અલંકારો આપ્યાં. તો હું પણ સરસ ગાવાનું શીખું અને ભગવાનને પ્રસન્ન કરું ત્યારે જ સાચો.

નારદજીએ સંગીત વિદ્યા શીખવાની તનતોડ મહેનત શરૂ કરી દીધી. થોડું આવડ્યું એટલે પાછા પહોંચ્યા ભગવાન પાસે અને ગાવા લાગ્યા. ભગવાને કહી દીધું. નારદજી ! તમને તુંબરૂ ઋષિ જેવું ગાતા નથી આવડતું.

નારદજી પાછા આવ્યા. વિચારવા લાગ્યા. હવે શું કરવું ? પછી શિવજી ઉપર કઠોર તપ કર્યું. શિવજી પ્રસન્ન થયા. બોલો નારદજી તમારે શું જોઈએ ? બસ પ્રભુ મારે તુંબરૂ ઋષિના જેવી સંગીત વિદ્યા જોઈએ. તથાસ્તુ.... જાઓ નારદજી તમને ગાતા આવડી જશે. ભોળાનાથે વરદાન આપ્યું.

નારદજી ફરીથી બહુ મહેનત કરીને ગાતા શીખ્યા અને પાછા પહોંચ્યા વૈકુંઠમાં. જઈને ભગવાન આગળ ગાવા લાગ્યા તો પણ ભગવાન પ્રસન્ન ન થયા. હવે, નારદજી મુંઝાયા ભગવાન તો રાજી થતા જ નથી. હવે શું કરૂં ? પણ એમ કાંઈ હિંમત હારી જાય એવા આ ઋષિ નહોતા. એ તો જેમની સાથે ઈર્ષ્યા હતી એમની પાસે જ પહોંચ્યા. તુંબરૂ ઋષિને જઈને વિનંતી કરી, મને તમારા જેવું ગાતા શિખવાડશો ? તુંબરૂ ઋષિએ નારદજીને સંગીત વિદ્યા શિખવાડી.

નારદજી ફરી પાછા નારાયણ...... નારાયણ..... કરતા દ્વારિકામાં આવી પહોંચ્યા. અને શ્રીકૃષ્ણ ભગવાન પાસે બેસી ગાવા લાગ્યા. ભગવાન



નારદજીનું સંગીત સાંભળી ખૂબજ પ્રસન્ન થઈ ગયા. અને પોતાના વસ્ત્ર-અલંકારો વગેરે નારદજીને ભેટ આપ્યા. નારદજીને હાશ થયું. અને એમણે તુંબરૂ ઋષિ સાથે ઈર્ષ્યા મુકી.

આ વાત કહીને સ્વામિનારાયણ ભગવાન એનો સાર સમજાવે છે, ઉપદેશ આપે છે કે - ભગવાનના ભક્તોએ ક્યારે પણ પરસ્પર ઈર્ષ્યા ન કરવી. અને જો ઈર્ષ્યા કરવી જ હોય તો આ નારદજીના જેવી ઈર્ષ્યા કરવી. જેની સાથે ઈર્ષ્યા હોય તેના જેવા ગુણ પોતાનામાં કેળવવા. અને દોષ હોય તો તેનો ત્યાગ કરવો. અને જો એવું ન થવાય ને ઈર્ષ્યા ને લીધે ભગવાનના ભક્ત ઉપર ક્રોધ કરે અને એનું ખરાબ કરે તો તેને મોટો અપરાધ થાય. માટે ભક્ત ઉપર ક્રોધ થાય કે એ ભક્તનું અપમાન થાય એવી ઈર્ષ્યા તો ક્યારે પણ ન કરવી.

વ્હાલા મિત્રો ! સ્વામિનારાયણ ભગવાન પાસેથી વાર્તા સાંભળવાની મજા આવીને ? કોને ન આવે !!!

(ગઢડા પ્રથમનું ચોથું વચનામૃત)

●

### કોણ ગાંડો, કોણ ડાહ્યો ?

- નારાયણ બી. જાની (ગાંધીનગર)

ભગવાનની ભક્તિ અને સત્સંગ એ બે, આત્મારૂપ પક્ષીને મોક્ષમાર્ગે, ઉન્નતિના માર્ગે લઈ જતી પાંખો છે. એટલે જ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે ભક્તિ અને સત્સંગ વિના ગમે તેવો વિદ્વાન પણ અધોગતિને પામે છે. ભક્તિમાર્ગમાં નિર્વિઘ્ને આગળ વધવું હોય તો તેના માટે સંત સમાગમ, સત્સંગ અનિવાર્ય છે. પરમાત્માની ભક્તિ એ આધ્યાત્મિક જીવનનો આત્મા છે.

માણસનું શરીર સુંદર હોય, સંપૂર્ણ હોય, સૌમ્ય હોય પરંતુ એમાં આત્મા ન હોય તો બિહામણું બની જાય છે. તેમ આધુનિક સમય ગમે તેટલો સુંદર હોય કે વૈજ્ઞાનિક ચમત્કારોથી ભરપુર હોય છતાં પ્રભુથી વિમુખ હોય તો તે બિહામણો છે. સુખકર શાંતિકર નથી.

આ તો કોઈકને માઠું લાગી જાય તેવું છે. બાકી સ્પષ્ટ કહીએ તો શાસ્ત્રોમાં એવું આવે છે કે ભગવાનને ભૂલી જઈને જે જે પ્રવૃત્તિઓ કરે છે તે કરનારા બધા ગાંડા છે. અરે....... શ્રીજી મહારાજે એક વખત એવું કહ્યું હતું કે - ''વડોદરાનો દિવાન મૂર્ખ છે અને નાથભક્ત બહુ બુદ્ધિશાળી છે.'' આમ જગતની દ્રષ્ટિએ જોવા જાવ તો વડોદરાનો દિવાન તો આખા ગાયકવાડી રાજ્યનો વહીવટ કરતો હતો. જ્યારે નાથભક્તને તો એકથી વીસ સુધી ગણતરી કરતાં પણ નહોતી આવડતી. પરંતુ મહારાજનો અભિપ્રાય છે કે ગમે તેવો બુદ્ધિશાળી હોય, પૃથ્વીની પેલી પારની વાતો કરતો હોય છતાં પરમાત્માને ઓળખીને ભક્તિ-ભજન ન કરતો હોય તો તે ગાંડો છે.

એકવાર થોડા સંતો તથા હરિભક્તો સાથે શ્રીહરિ બોટાદના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રસ્તાની બાજુમાં એક નાની દુકાન પર એક વેપારી હાથમાં ત્રાજવા લઈ રેતી તથા કાંકરા જોખતો હતો. અને આવનાર, જનાર વ્યક્તિઓને ઉદ્દેશીને બૂમો પાડતો કે ખાંડ લ્યો, સાકર લ્યો.

શ્રીજી મહારાજની દૃષ્ટિ એ બાજુ ગઈ. સાથેના સત્સંગીને પ્રભુએ પૂછ્યું. આ કોણ છે ? અને શા માટે આમ કરે છે ? ત્યારે ત્યાંના જ વતની હરિભક્તોએ ખુલાસો કર્યો કે - મહારાજ ! એનું નામ કબો છે. પહેલાં તો એ ખાંડ-સાકરનો વેપાર કરતો હતો. એ વેપારમાં એકવાર ખોટ ગઈ. અને કબાનું ચસકી ગયું. પછી આ રીતે ધૂળ અને કાંકરાનું વજન કર્યા કરે છે. છોકરા બધા એને કબો ગાંડો, કબો ગાંડો કહીને ચિડવે છે.

એ વાત સાંભળીને મહારાજ કે : ''જે ભગવાન નથી ભજતા તે બધા જ કબા ગાંડા છે તે બધા ધૂળનો જ વેપાર કરે છે.'' એ રીતે કહી શ્રીહરિએ સાફ જણાવી દીધું કે હરિથી વિમુખ ગમે તેવો શાણો હોય, હોંશિયાર હોય, વિદ્યાન હોય છતાં તે ગાંડો છે અને પ્રભુનો ભક્ત હોય તે ભલે ઓછું જાણતો હોય, ઓછું સમજતો હોય છતાં પણ તે ડાહ્યો છે.

આ વાતનું વિશદ્ વર્ણન તો પ્રથમ પ્રકરણના ૫૦ માં વચનામૃતમાં છે - ''જે કલ્યાણને અર્થે જતન (પ્રયત્ન) કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે

(અનુસંધાન પાના નં.૨૧)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"સત્સંગથી ઘણા લાભ થાય છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

સત્સંગના માધ્યમથી આપણી વૃત્તિ તૃષ્ણારહિત થાય છે. પણ તેના માટે એક શરત છે કે ઈમાનદારીથી અને એકાગ્ર ચિત્તથી અને શ્રધ્ધા સહિત સત્સંગને સમજી શું તો જ લાભ થશે. કથા-વાર્તા સત્સંગ એ આપણે મનોમંથન કરવાનું સાધન બની જાય છે. એકલા બેઠા હોય તો સત્સંગ સભામાં શું આવ્યું હતું ? તે બધા વિચાર આવે છે. તો અંતઃકરણ શુધ્ધ થાય છે. પરંતુ આપણને એવુ ન હોવું જોઈએ કે એક વખત સત્સંગમાં ગયા તો એક વખતમાં અંતઃકરણ શુધ્ધ થઈ જાય તેવું બનતું નથી. આપણે રૂમ સાફ કરીએ તો કાયમ માટે ચોખ્ખું રહે તેવું બનતું નથી. એક એકદમ ખાલી રૂમ હોય તેને સાફ કરીને તાળુ મારી દીધું હોય અને પછી બે દિવસ પછી ખોલો તો પણ ધૂળ હોય જ છે. તો જેમ રૂમમાં ધૂળ આવે છે તેમ આપણે આ જગતમાં રહીએ છીએ તો ધીમે ધીમે આ જગતનો કચરો આપણી અંદર ભરાય છે. તેની આપણને ખબર પડતી નથી. તો જેમ ઘરમાં દરરોજ ચોખ્ખુ રાખવું પડે છે તેમ અંતઃકરણ શુધ્ધ રાખવું હોય તો સત્સંગરૂપી પોતું નિયમિત મારવુ જ પડે છે. સતત શ્રવણ કરવું, અને નિયમિત સત્સંગ કરવાથી અનન્યતા પ્રાપ્ત થાય છે. આપણે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિના સંપર્કમાં વધારે આવીએ તેના પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય છે. તો સતત સત્સંગ કરવાથી પરમાત્મા પ્રત્યે પણ પ્રીતિ ઉત્પન્ન થાય છે. અહોભાવ ઉત્પન્ન થાય છે અને પછી તે અનન્યતામા પરિવર્તિત થાય છે. સમૂહમાં સત્સંગ કરીએ તો એકબીજા પ્રત્યે પ્રેમની ભાવના વધે છે. ભક્તો પ્રત્યે પ્રેમ વધે છે. સમૂહમાં ભક્તિ-સત્સંગ આ બધું સહેજે સહેજે થાય છે. બીજાના અવગુણ ઓછા દેખાય છે. આપણને પણ ખ્યાલ આવે છે કે આપણે બીજા કરતા ભજન ભક્તિ કરવામાં કેટલા પાછળ છીએ. ભક્તિ કરવાથી આપણી બુધ્ધિ પવિત્ર થાય છે. બુધ્ધિમાં જે વિચાર આવે છે તેને સાકારરૂપ આપવા માટે બુદ્ધિ મનને આદેશ આપે છે. આ વિચારને સાથ આપી મન ઈન્દ્રિયોને આદેશ આપે છે. અને પછી ઈન્દ્રિયો એ વિચારને પુરુ કરવાનું ચાલુ કરી દે છે. આપણુ આખું જીવન વિચાર પર નિર્ભર હોય છે. જેવા વિચાર આવે તેવા જ કાર્યો થાય છે.

સત્સંગથી સંયમિત જીવન જીવવાની પ્રેરણા મળે છે. અતિ બધી વસ્તુમાં નકુશાન કરે. વચ્ચેનો રસ્તો લેવાનો. એટલુ વધારે નહિ ખાવાનું કે ફાંદ વધી જાય અને એટલું ઓછું નહિ ખાવાનું કે શરીરના હાડકા દેખાય.

શરીર એક સાધન છે. શરીર સ્વસ્થ નહિ હોય તો આપણાથી કાંઈ નહીં થાય. જેથી દરેક રીતે સંયમ રાખવો. આપણે ક્યાંક જવું હોય તો જગ્યા નિર્ધારિત હોય છે. આપણે જવા નીકળીએ અને ગાડીમાં પેટ્રોલ કે ડિઝલ ઓછું હોય તો ગાડી બંધ થઈ જાય છે. અને ઓવર ફલો થાય તો પણ ગાડી બંધ થઈ જાય છે. તો જેમ ગાડી એ પહોંચવા માટેનું સાધન છે એવી રીતે શરીર પણ એક પરમાત્મા સુધી પહોંચવાનું સાધન છે. તો હંમેશા શરીર સારૂ રહે તેવો સાત્વિક આહાર લેવો, નિંદ્રા પર પણ સંયમ રાખવાનો, આહાર સંયમિત હશે તો બધુ સંયમિત થઈ જશે. આપણે દસ કલાક સૂઈ રહીએ તો પણ ઊંઘ પુરી થતી નથી. આપણે દિવસે જે વિચારીએ તે રાત્રે સ્વપ્ન રૂપે દેખાય છે. તો શરીરનો આહાર, મનનો આહાર, ઈન્દ્રિયોનો આહાર બધું જ શુધ્ધ હોવું જોઈએ. તો શરીર નિરોગી રહે છે. વ્યર્થ અને ખોટું આચરણ કરવું નહિ. જે વસ્તુ નુકશાન કરે તે ગ્રહણ કરવું નહીં. બોલવું નહિ, સાંભળવું નહીં. જરૂર પુરતું જ બધું રાખવાનું નહિ તો નિરર્થક થાય છે. સંયમ રાખવાનો અને મધ્યનો રસ્તો

અપનાવવાનો. નટ રમતો હોય શું કરે છે, તો ડાબી બાજુ પણ વધારે વજન નહિ આપે, જમણી બાજુ પણ વધારે વજન નહિ આપે. વચ્ચે નજર રાખીને એકાગ્ર બનીને ચાલે છે. તે રીતે ક્યાંય પણ વધારે આસક્ત નહિ થઈ જવાનું. આખું જગત સૂઈ જાય છે ત્યારે યોગી જાગે છે. એવું શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે. યોગી બેઠેલા હોય છે, ઉભા હોય છે, તપ કરતા હોય છે. એવું નહિ એ પણ સૂતેલા જ હોય છે. પરંતુ એમની અંતરની જ્યોતિ છે ને તે પ્રજવલિત છે. યોગીનું જીવન એટલું બધુ સંયમિત છે કે વિચાર પણ શુધ્ધ છે. સૂતી વખતે પણ જાગેલા જ હોય છે. પોતાને ખબર છે કે પોતે શું કરી રહ્યાં છે. જગતના વ્યક્તિ જાગૃત અવસ્થામાં પણ અજ્ઞાન અને આવરણને લીધે ખરાબ કાર્યો કરતા અચકાતા નથી. અને યોગી લોકો ઉંઘમાં પણ ખરાબ વિચાર આવે તો પણ જાગૃત થઈ જાય છે. મને ખરાબ વિચાર આવ્યો જ કેમ ? આવુ થવું જ ન જોઈએ. તેમ સતત જાગૃત હોય છે. દરેક કાર્યમાં સંયમી હોય છે. ઘણા લોકો એવું કહેતા હોય છે ને કે પરમાત્મા અંદર જ બેઠેલા છે. મંદિર જવાની જરૂર નથી અંદર દર્શન કરી લેવાનું. પરંતુ જો ભગવાન સુધી પહોંચવાનું લક્ષ્ય છે તો પ્રયત્ન તો કરવો જ પડે છે. આપણે ક્યાંક જવું હોય તો એ જગ્યા નક્કી હોય છે. આ રસ્તો ક્યાં જાય છે. મનમાં બધું વિચાર કર્યા કરીએ તો પહોંચી જવાતું નથી. યાત્રા કરવી પડે છે. વિચાર કરીને મનમાં રાખીએ તો કાંઈ થતું નથી. તેમ આપણું લક્ષ્ય છે પરમાત્મા સુધી પહોંચવાનું. તો મંદિર છે ને તે પરમાત્મા સુધી પહોંચવાનો સૌથી સહેલો રસ્તો છે. માટે મંદિર આવવાનો આગ્રહ રાખવો. જગતમાં વધારે આસક્ત થઈ જવાનું નહિ. જગતની પાછળ વધારે દોડીશું તો પણ પરમાત્મા બધુ આપી દેતા નથી. અને દયા કરીને કદાચ બધુ આપી દે તો પણ ટકવાનુ નથી અને આપેલું કદાચ બધું ટકી પણ જાય તો પણ આપણે ટકવાના નથી. એક દિવસ જવાનું જ છે. તો જ્યાં શાશ્વત કાળ માટે આપણે રહેવું છે તેના બદલે અલ્પ સમય માટે જ્યાં રહેવું છે તેની આપણને ચિંતા વધુ છે. મૃત્યુ પછી પણ અનંતકાળ સુધી જેની પાસે આપણે રહેવાનું છે તેની પાસે રહેવાનો અત્યારે આપણને સમય નથી ! આ સમજણ ઠીક નથી.

જીવનની યાત્રામાં ધીરે ધીરે કરીને મજલ કાપીને નીકળી જવાનુ છે. ગમે તેવા મહાન શક્તિશાળી અને શૂરવીર વ્યક્તિ પણ એક સાથે એક જ પ્રયત્ને કોઈ વધારે ચાલી શકે નહિ. એક એક ડગલું આગળ વધતા વધતા પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકાય તેવો પ્રયત્ન કરવાનો છે.

●

### "સુખ મહારાજની મૂર્તિમાં છે, જગતમાં નથી"

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

"નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી,
પત્રાળાને જમી કરીને, બહાર ફેંકી દેવું જી."

દેહ એ તો માત્ર ચૈતન્યનું ઉપરણ છે. ચૈતન્યનું માત્ર વસ્ત્ર છે. જીવે પૂર્વે પણ અનેક દેહ ધર્યા છે. અનેક ખોળિયાં બદલ્યાં છે. જેમ વસ્ત્ર જીર્ણ થાય ને નવું વસ્ત્ર પહેરીએ છીએ તેમ ચૈતન્ય દેહ બદલીને નવા દેહને કહેતાં નવી યોનિને પામે છે જન્મને પામે છે. એવા આ નાશવંત દેહમાં મોહ શું ? તેમાં હેત શાનું ? ને તેના સંબંધીમાં વળી હેત કેવું?

એક વાત સનાતન સત્ય છે કે, દેહ છે ત્યાં સુધી જ દેહના સંબંધી છે. પંચભૂતનો બનેલો આ દેહ ક્ષણિક ને નાશવંત છે. એ દેહનો કોઈ ભરોસો કે નિર્ધાર ખરો ? જો દેહનો જ કોઈ ભરોંસો ન હોય તો પછી દેહના સંબંધી સાથેનો સંબંધ કરેલો સમય ? કોઈજ નિર્ધાર નહીં. દેહનો ઉપયોગ ફક્ત દેહના સગાં-સંબંધી માટે જ નથી. દેહને ફક્ત દેહનાં સગાં-સંબંધી માટે જ ઘસી નાખવાનો નથી.

સત્સંગ કરીને જો આ સમજણ જીવનમાં દૃઢ કરી હોય તો પાછલી વયે આ સમજણ ખૂબ ઉપકારક નીવડે છે. બાકી તો જેમ જેમ સમય વીતે, અવસ્થા ચડે, તેમ તેમ દેહને દેહના સંબંધી પદાર્થ માત્રમાં હેત વધતું જ જાય..... હેત નાં તાંતણામાં જીવ ખૂંપતો જ જાય..... દીકરામાં હેત હોય, એમાં ય જો એકનો એક હોય તો વિશેષ હેત હોય. દીકરાને ઘેર દીકરો જન્મે તો એથીયે વધુ તેમાં હેત થાય. જેમ મૂડી કરતાં વ્યાજમાં હેત વધુ હોય એમ.... જો વધુ પડતું હેત રહી જાય તો વાસના રહી જાય. ને જો એવું ન

થાય તો પાછલી અવસ્થા બગડે.

શ્રીજી મહારાજે એટલે જ ગઢડા છેલ્લા પ્રકરણના ૩૮ માં વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘છો વાનાં હોય તેને જીવતે કે મરીને સુખ થાતું નથી.’’ એ છો વાનાં માં મહારાજે સંબંધીમાં હેતને પણ ગણ્યું છે.

દેહને દેહના સંબંધીને શત્રુ જાણવા એવું નથી. પરંતુ તેમાં હેત ન કરવું. જે હેતે કરીને તેમાં બંધન થાય એવું તથા મહારાજ ભૂલી જવાય એવું હેત ન કરવું. જે હેતથી જન્મ મરણ ઉભા થાય.અંતરમાં વાસના રહી જાય. એવું હેત તો ન જ કરવું.

